### દેશભરના ૫૦ ટકાથી વધુ એકમોએ ઉત્પાદન બંધ કરી દીધું

# પોલિમરના ભાવમાં વધારો, પ્લાસ્ટિક ઉદ્યોગ ઠપ

અમદાવાદ, તા. ૧૮

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા સંઘર્ષની હવે ભારતની પેટ્રોકેમિકલ સપ્લાય ચેઈન પર ગંભીર અસર પડી રહી છે. પોલિમર (પ્લાસ્ટિક કાચા માલ) ના ભાવ રેકોર્ડ સ્તરે પહોંચી ગયા છે, અને ઓડિશા સહિત અનેક રાજ્યોમાં પ્લાસ્ટિક પ્રોસેસિંગ ઉદ્યોગ વર્ચ્યુઅલ રીતે સ્થગિત થઈ ગયો છે. અહેવાલો અનુસાર, દેશભરના ૫૦ ટકાથી વધુ એકમોએ ઉત્પાદન બંધ કરી દીધું છે. હજારો એમએસએમઈ યુનિટ્સ ઉત્પાદન ચાલુ રાખવામાં અસમર્થ છે, અને દેશભરના ૫૦ ટકાથી વધુ નાના યુનિટ્સે ઉત્પાદન બંધ કરી દીધું છે.

## કાચા માલના ખર્ચમાં ૭૮ ટકા સુધીનો વધારો થતા ઉત્પાદન અટકી ગયું : અનેક મોટા એકમોમાં ઉત્પાદનમાં ૫૦ થી ૭૦ ટકાનો ઘટાડો : મોટા પાયે બેરોજગારી વધશે

ઉદ્યોગ સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીપ્રોપીલીન (PP), હાઈ-ડેન્સિટી પોલિઈથિલિન (HDPE), લિનિયર લો-ડેન્સિટી પોલિઈથિલિન (LLDPE), પોલીવિનાઈલ ક્લોરાઈડ (PVC) અને PET રેઝિન જેવા મુખ્ય પોલિમરના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે, જે ૬૮ થી ૭૮ ટકા સુધીનો છે. વધુમાં, કાચા માલની ઉપલબ્ધતા પણ અનિશ્ચિત બની ગઈ છે.



HDPE ની કિંમત, જે ૨૮ ફેબ્રુઆરીએ પ્રતિ ટન રૂ. ૯૧,૪૫૨ ની આસપાસ હતી, તે ૧૧ માર્ચ સુધીમાં વધીને રૂ. ૧,૩૪,૪૫૨ થઈ ગઈ (લગભગ ૬૮% નો વધારો). તેવી જ રીતે, LLDPE ની કિંમત રૂ. ૯૦,૯૫૨ થી વધીને રૂ. ૧,૩૩,૯૫૨, PVC ની કિંમત રૂ. ૮૯,૦૦૦ થી વધીને રૂ. ૧,૧૪,૦૦૦ (૭૮% નો વધારો) અને PP ની કિંમત રૂ. ૧,૦૦,૩૮૪ થી વધીને રૂ. ૧,૪૬,૩૮૪ (૬૯% નો વધારો) થઈ ગઈ છે.

કિંમતોમાં અચાનક વધારો અને પુરવઠાની અનિશ્ચિતતાએ ઉદ્યોગને ગંભીર કટોકટીમાં મૂક્યો છે. ભારતમાં પ્લાસ્ટિક પ્રોસેસિંગ ક્ષેત્રમાં આશરે ૫૦,૦૦૦ એકમો છે, જેમાંથી ૮૫% સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ) છે. આ ઉદ્યોગ આશરે ૫ મિલિયન લોકોને સીધો રોજગાર પૂરો પાડે છે અને આશરે ૧૨.૫ બિલિયન ડોલરની નિકાસ કરે છે.

ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું હતું કે, થોડા દિવસોમાં પોલિમરના ભાવમાં ૭૦ ટકાથી વધુનો વધારો અભૂતપૂર્વ છે. પૂર્વ-આયોજિત સપ્લાય કોન્ટ્રાક્ટને કારણે ઘણી ઉત્પાદક કંપનીઓ વધેલા ખર્ચનો બોજ ગ્રાહકો પર નાખવામાં અસમર્થ છે.

ઓડિશા રાજ્યમાં ત્રણ-ચતુર્થાંશથી વધુ કાર્યરત યુનિટ્સે ઉત્પાદન બંધ કરી દીધું છે કારણ કે કાચો માલ કાં તો ઉપલબ્ધ નથી અથવા એટલો મોંઘો છે કે ઉત્પાદન પોસાય તેમ નથી. કેટલાક યુનિટોમાં પાંચ મશીનોમાંથી ફક્ત એક જ ચાલી રહી છે, અને દરરોજ એક ટનથી પણ ઓછું ઉત્પાદન થાય છે. આ પ્રતિકુળતાની એસરથી મોટી કંપનીઓ પણ મુક્ત નથી. અનેક મોટા એકમોમાં ઉત્પાદનમાં ૫૦ થી ૭૦ ટકાનો ઘટાડો થયો છે.

પ્લાસ્ટિક પ્રોસેસિંગ ઉદ્યોગ, એફએમસીજી, આરોગ્યસંભાળ, ઓટોમોટિવ, કૃષિ, માળખાગત સુવિધાઓ, ગ્રાહક ટકાઉ વસ્તુઓ અને ઔદ્યોગિક અને એન્જિનિયરિંગ ઘટકોનો મુખ્ય સપ્લાયર છે. જો આ કટોકટી લાંબા સમય સુધી ચાલુ રહેશે, તો તે સપ્લાય ચેઈન, ફુગાવા અને ઔદ્યોગિક ઉત્પાદન પર નકારાત્મક અસર કરશે. આમ આ ઉદ્યોગ અત્યારે અભૂતપૂર્વ દબાણ હેઠળ છે. તાત્કાલિક સહાય વિના, ઘણા એકમો આ તબક્કામાં ટકી શકશે નહીં. પરિસ્થિતિની ગંભીરતાને જોતાં, ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશને કેન્દ્ર સરકાર પાસેથી તાત્કાલિક રાહતની માંગ કરી છે.

# ડોલર સામે રૂપિયામાં તીવ્ર કડાકો, ૯૨.૬૪ના નવા તળિયે: મોંઘવારી વધશે

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ,તા.૧૮

હૂંડિયામણ બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ઝડપી ઉછળી ઉંચામાં રૂ.૯૨.૬૪ની નવી ટોચ પહોંચતાં રૂપિયો નવા તળિયે ઉતરી ગયો હતો. ભારતમાં ઈમ્પોર્ટ વધતાં તથા સામે નિકાસ ઘટતાં દેશની વેપાર ખાધ નોંધપાત્ર વધી જતાં આજે કરન્સી બજારમાં રૂપિયો દબાણ હેઠળ જોવા મળ્યો હતો. વિશ્વ બજારમાં ઈરાન યુદ્ધના પગલે ક્રૂડના ભાવ ઉંચા જતાં તેની નેગેટીવ ઈમ્પેક્ટ પણ રૂપિયા પર દેખાઈ હતી. રૂપિયો ગબડતાં દેશમાં આયાત થતી ક્રૂડ સહિતની વિવિધ ચીજોની ઈમ્પોર્ટ કોસ્ટ વધવાની તથા મોંઘવારી વધુ વકરવાની ભીતિ જાણકારો બતાવતા હતા.




આજે ડોલરના ભાવ રૂ.૯૨.૩૮ વાળા સવારે રૂ.૯૨.૪૧ ખુલ્યા પછી ઉંચામાં ભાવ રૂ.૯૨.૬૪ થઈ રૂ.૯૨.૫૭ રહ્યા હતા. ડોલરના ભાવ આજે રૂપિયા સામે વધુ ૧૯ પૈસા ઉછળતાં ડોલર સામે રૂપિયો વધુ ૦.૨૦ ટકા તૂટી નવા તળિયે ખાબક્યો હતો. ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ પણ આજે ઉંચે જતાં તેની અસર મુંબઈ બજારમાં જોવા મળીહતી. ડોલરનો ગ્લોબલ ઈક્કસ નીચામાં ૯૯.૪૬ રહ્યા પછી ઉં.ચામાં ૯૯.૭૧ થઈ ૯૯.૬૭ રહ્યાના નિર્દેશો હતા.

વૈશ્વિક ડોલરના ભાવ દસ મહિનાની ટોચે રહ્યા હતા. ચીન તથા અમેરિકાની મિટિંગ મુલત્વી રહ્યા પછી હવે જાપાન તથા અમેરિકાની મિટિંગની રાહ વિશ્વ બજારમાં જોવાઈ રહી હતી. ક્રૂડ વધતાં તથા ફુગાવો વધતાં અમેરિકામાં મિટિંગની રાહ વિશ્વ બજારમાં જોવાઈ રહી હતી. ક્રૂડ વધતીં તથા ફુગાવો વધતાં અમેરિકામાં હવે વ્યાજ દરમાં ઘટાડાની શક્યતા ઘટી ગઈ છે તથા ડોલરના ભાવ ઉંચા જતાં દેખાયા છે. મુંબઈ બજારમાં હવે ડોલરના ભાવ ટૂંકમાં રૂ.૯૩ થવાની શકયતા બતાવાતી હતી. દરમિયાન, વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ બેન્ક ગોડલમેન સેકના જણાવ્યા મુજબ રૂપિયો વધુ ગબડી નીચામાં રૂ.૯૫ સુધી ઉતરી જવાની શક્યતા જણાય છે. જોકે હવે રિઝર્વ બેન્કની સક્રિયતા વધવાની તથા સરકારી બેન્કો ડોલરમાં વેંચવાલી વધારશે એવી ગણતરી પણ બજારના જાણકારો બતાવી રહ્યા હતા. બ્રિટીશ પાઉન્ડના ભાવ આજે ૨૧ પૈસા વધી રૂ.૧૨૩.૪૦ રહ્યા હતા. જ્યારે યુરોપીયન કરન્સી યુરોના ભાવ ૨૩ પૈસા વધી રૂ.૧૦૬.૬૧ રહ્યા હતા. જાપાનની કરન્સી રૂપિયા સામે ૦.૧૦ ટકા વધી હતી. જ્યારે ચીનની કરન્સી ૦.૨૪ ટકા ઉંચકાઈ હતી.

**ફોરેક્સ ભાવ**

| | |
|---|---|
| ડોલર | રૂા. ૯૨.૫૭ |
| પાઉન્ડ | રૂા. ૧૨૩.૪૦ |
| યુરો | રૂા.૧૦૬.૬૧ |
| યેન | રૂા. ૦.૫૮ |

## શેરબજાર વધવા છતાં રૂપિયો તૂટતાં ખેલાડીઓ ચિંતામાં:ડોલર ઉછળી રૂ.૯૫ થશે: ગોલ્ડમેન સેકની આગાહીથી વધેલો અજંપો

# સોના-ચાંદીમાં ગુડી પડવા પૂર્વે ઘટાડો ક્રૂડ ઉછળી ૧૦૮ ડોલર ઉપર ગયું

(વાણિજ્ય પ્રતિનિધિ)મુંબઈ,બુધવાર

મુંબઈ ઝવેરી બજારમાં આજે ગુડી પડવાના તહેવાર પૂર્વે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો આગળ વધતાં બજારમાં તહેવારની માગ સારી રહેવાની આશા જાણકારો બતાવી રહ્યા હતા. જોકે ગયા વર્ષના ગુડી પડવાના દિવસના ભાવની સરખામણીએ આ વર્ષે ગુડી પડવાના સોનાના ભાવ રૂ.૬૫થી ૬૬ હજાર ઉંચા રહ્યા હોવાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. વિશ્વ બજારમાં આજે સોનાના ભાવ ઔંસના ૫૦૧૭થી ૫૦૧૮ ડોલરવાળા ઘટી નીચામાં ભાવ ૪૮૭૪ થઈ ૪૮૭૫થી ૪૮૭૬ ડોલર રહ્યા હતા. વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ વધતાં વૈશ્વિક સોનામાં ફંડોનું સેલીંગ વધ્યાની ચર્ચા હતી. દરમિયાન, ઘરઆંગણે અમદાવાદ ઝવેરી બજારમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૫૦૦ ઘટયા હતા જ્યારે ચાંદીના ભાવ કિલોદીઠ રૂ.૫૦૦૦ તૂટ્યા હતા. વિશ્વ બજારમાં સોના પાછળ આજે ચાંદીના ભાવ ઔંસના ૮૦.૮૨ થી તૂટી ૭૭.૭૭ ડોલર થઈ ૭૭.૮૩થી ૭૭.૮૪ ડોલર રહ્યા હતા. દરમિયાન, અમદાવાદ સોનાના ભાવ ઘટી ૯૯૫નાં રૂ.૧૫૯૭૦૦ તથા૯૯૯ના રૂ.૧૬૦૦૦૦ રહ્યા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ તૂટી રૂ.૨૫૫૦૦૦ રહ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ રૂ.૮૦૦ ઘટયા હતા. જ્યારે ચાંદીના ભાવ રૂ.૨૫૦૦ તૂટ્યા હતા. મુંબઈ સોનાના ભાવ ઘટી જીએસટી વગર ૯૯૫ના રૂ.૧૫૪૨૫૯ તથા ૯૯૯ના રૂ.૧૫૪૮૭૯ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ ઘટી જીએસટીવગર રૂ.૨૪૯૯૦૭ રહ્યા હતા.

# બેરોજગારી મોરચે થોડી રાહત, ફેબ્રુઆરીમાં દર ઘટીને ૪.૯ ટકા

અમદાવાદ, તા. ૧૮

ભારતનો બેરોજગારી દર ફેબ્રુઆરીમાં થોડો ઘટીને ૪.૯ ટકા થયો છે, જે જાન્યુઆરીમાં ૫ ટકા હતો. શહેરી વિસ્તારોમાં ભરતી પ્રવૃત્તિમાં વધારો થવાને કારણે આ દર ઘટ્યો હતો તેમ રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય (NSO) દ્વારા જાહેર કરાયેલ માસિક પીરિયડિક લેબર ફોર્સ સર્વેમાં જણાવાયું હતું. રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય અનુસાર, વર્તમાન સાપ્તાહિક સ્થિતિના આધારે શહેરી બેરોજગારી દર ફેબ્રુઆરીમાં ૬.૬ ટકા હતો, જે પાછલા મહિનામાં ૭ ટકા હતો. ફેબ્રુઆરીમાં ગ્રામીણ બેરોજગારી દર ૪.૨ ટકા પર યથાવત રહ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૨૬માં મહિલાઓમાં એકંદર બેરોજગારી દર ઘટીને ૫.૧ ટકા થયો છે, જે જાન્યુઆરી ૨૦૨૬માં ૫.૬ ટકા હતો. શહેરી મહિલાઓ માટે બેરોજગારી દર જાન્યુઆરી ૨૦૨૬માં ૯.૮ ટકાથી ઘટીને ફેબ્રુઆરી ૨૦૨૬માં ૮.૭ ટકા થયો હતો, જ્યારે ગ્રામીણ મહિલાઓ માટે બેરોજગારી દર આ જ સમયગાળા દરમિયાન ૪.૩ ટકાથી ઘટીને ૪ ટકા થયો હતો.પુરુષો માટે એકંદર બેરોજગારી દર ૪.૮ ટકા પર સ્થિર રહ્યો હતો.

# મેનીપ્યુલેશન બદલ ૨૧ એકમો પર સેબીએ મુકેલો પ્રતિબંધ

મુંબઈ તા.૧૮

બોમ્બે સ્ટોક એક્સચેન્જ પર લિસ્ટેડ કંપની રેટ્રો ગ્રીન રિવોલ્યુશન લિમિટેડ (આરજીઆરએલ)ના શેરમાં મેનીપ્યુલેશન કરવાના આરોપસર સંજય અરૂણકુમાર ચોક્સી અને તેમના સહયોગીઓ સહિત ૨૧ એકમો પર મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)એ પ્રતિબંધ મૂક્યો છે. સેબીના આદેશમાં, ક્વોસી-જયુડિશિયલ ઓથોરિટી સંતોષ શુક્લાએ ૧૨ ટકા વાર્ષિક વ્યાજ સાથે રૂ.૨.૯૪ કરોડના ગેરકાયદેસર નફાને ડિસગોર્જ કરવાનો નિર્દેશ આપ્યો છે અને કુલ રૂ.૨.૮૦ કરોડનો નાણાકીય દંડ ફટકાર્યો છે. રેટ્રો ગ્રીન રિવોલ્યુશન લિમિટેડ, જે મૂળ ૧૯૯૦માં જોલી ટી ઈન્ડિયા કંપની લિમિટેડ તરીકે સ્થાપિત થઈ હતી, તેને સંજય અરૂણકુમાર ચોક્સી અને તેમના સહયોગીઓ દ્વારા પ્રમોટ કરવામાં આવી હતી. ૨૦૧૨ બાદ શેરહોલ્ડિંગ બદલાયું હોવા છતાં, સેબીએ શોધી કાઢ્યું કે, ચોક્સી ગ્રુપે ૨૦૧૮માં ફરીથી શેરમાં પ્રવેશ કર્યો અને નાણાકીય વર્ષ ૨૦૧૯ સુધઈ ૪૨.૭ ટકા હિસ્સો બનાવ્યો હતો.

# સુધારાની હેટ્રિક : સેન્સેક્સમાં ત્રણ દિવસમાં ૨૧૪૦ પોઈન્ટનો ઉછાળો : આજે ૬૩૩ પોઈન્ટ વધ્યા

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, બુધવાર

ઈરાન વિરૂધ્ધ ઈઝરાયેલ-અમેરિકાના યુદ્ધમાં ઈરાનના ઘણા પ્રમુખ નેતાઓને માર્યાના અમેરિકા-ઈઝારાયેલના દાવા અને બીજી તરફ ઈરાન, ઈઝરાયેલના પરસ્પર એકબીજા પર હવાઈ હુમલા ચાલુ હોવા છતાં યુદ્ધ હવે યુક્રેન-રશીયા યુદ્ધની જેમ તેની આક્રમકતા ગુમાવી દેવાના અંદાજોએ આજે વૈશ્વિક બજારોમાં રિકવરી સાથે ભારતીય શેર બજારોમાં સુધારાની હેટ્રિક લાગી હતી. ફંડો, મહારથીઓએ ઈન્ડેક્સ બેઝડ આજે આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોને સોફ્ટ ટાર્ગેટ કરી પાછલા દિવસોમાં મોટી શોર્ટ પોઝિશન બનાવનારા ખેલંદાઓના વેચાણો કપાવવારૂપી ઝડપી ઉછાળો આપ્યો હતો. આઈટી શેરોની આગેવાનીએ ઈન્ડેક્સ બેઝડ તેજી સાથે ઓટોમોબાઈલ શેરોમાં પણ વધુ વેચાણો કપાઈ કેટલાક શેરોમાં વેલ્યુબાઈંગ થયું હતું. આ સાથે કેપિટલ ગુડઝ-પાવર, બેંકિંગ-ફાઈનાન્સ, રિયાલ્ટી, કન્ઝયુમર ડયુરેબલ્સ, ઓઈલ-ગેસ શેરોમાં ફંડોએ તેજી કરી હતી. સેન્સેક્સ ૬૩૩.૨૯ પોઈન્ટ વધીને ૭૬૭૦૪.૧૩ અને નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૧૯૬.૬૫ પોઈન્ટ વધીને ૨૩૭૭૭.૮૦ બંધ રહ્યા હતા. ત્રણ દિવસમાં સેન્સેક્સ ૨૧૪૦ પોઈન્ટ વધ્યો છે. જ્યારે નિફટી ૫૦ સ્પોટ ૬૨૭ પોઈન્ટ વધ્યો છે.

### આઈટી શેરોમાં ફરી તેજી : આઈટી ઈન્ડેક્સ ૭૮૬ પોઈન્ટ ઉછળ્યો : ટીસીએસ, ટેક મહિન્દ્રા ઉછળ્યા

તેજીની આગેવાની આજે ફરી આઈટી-સોફ્ટવેર સર્વિસિઝ, ટેકનોલોજી શેરોએ લીધી હતી. ફંડોએ ટીસીએસ સહિતના ફ્રન્ટલાઈન શેરોમાં તેજી કરતાં ઘણા ખેલંદાઓના વેચાણો કપાવા લાગ્યા હતા. માસ્ટેક રૂ.૮૩.૨૦ વધીને રૂ.૧૫૪૫, કેપીઆઈટી ટેકનોલોજી રૂ.૩૬.૧૫ વધીને રૂ.૬૯૦.૧૦, ઓનવર્ડ ટેકનોલોજી રૂ.૧૯.૩૦ વધીને રૂ.૨૪૯.૩૦, કોફોર્જ રૂ.૫૮.૧૫ વધીને રૂ.૧૧૩૨, ઓરેકલ ફિનસર્વ રૂ.૨૯૩ વધીને રૂ.૬૬૦૦.૯૫, ઈન્ફોસીસ રૂ.૩૪.૯૫ વધીને રૂ.૧૨૬૭.૪૫, ટેક મહિન્દ્રા રૂ.૪૩.૮૫ વધીને રૂ.૧૩૮૬.૩૫, સોનાટા સોફ્ટવેર રૂ.૮.૪૫ વધીને રૂ.૨૪૦.૫૦, એચસીએલ ટેકનોલોજી રૂ.૩૪.૬૦ વધીને રૂ.૧૩૫૫.૬૦, ટીસીએસ રૂ.૪૯.૪૦ વધીને રૂ.૨૪૪૧.૧૫ રહ્યા હતા. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૭૮૫.૫૯ પોઈન્ટ ઉછળીને ૨૮૬૨૬.૭૬ બંધ રહ્યો હતો.

### કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૧૨૭૦ પોઈન્ટ ઉછળ્યો : વારી રૂ.૩૦૪, પ્રીમિયર રૂ.૬૦, કેઈઆઈ રૂ.૧૮૭ ઉછળ્યા

કેપિટલ ગુડઝ-પાવર શેરોમાં આજે વધુ કવરિંગ સાથે ફંડો તેજીમાં આવી ફ્રન્ટલાઈન શેરોમાં મોટી ખરીદી કરી હતી. કેઈઆઈ રૂ.૧૮૭.૧૦ વધીને રૂ.૪૩૯૯.૯૦, મઝગાંવ રૂ.૯૨.૫૫ વધીને રૂ.૨૪૫૬.૪૦, કોચીન શિપ રૂ.૫૨ વધીને રૂ.૧૪૧૨, એલજી ઈક્વિપમેન્ટ રૂ.૧૪.૨૦ વધીને રૂ.૪૮૨.૮૦, કમિન્સ ઈન્ડિયા રૂ.૧૨૪.૯૦ વધીને રૂ.૪૭૨૨.૭૦, પોલીકેબ રૂ.૧૯૧.૮૫ વધીને રૂ.૭૩૬૧.૧૦ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૧૨૬૯.૮૧ પોઈન્ટ ઉછળીને ૬૯૨૧૩.૪૨ બંધ રહ્યો હતો.

### ઓટો શેરોમાં સતત રિકવરી : ભારત ફોર્જ રૂ.૫૯, ટીઆઈ રૂ.૭૭, મહિન્દ્રા રૂ.૮૪, બજાજ રૂ.૧૬૧ વધ્યા

ક્રુડ ઓઈલની આયાત સુનિશ્ચિત કરવા સરકારે પેટ્રોલ, ડિઝલનો પુરવઠો પર્યાપ્ત હોવાનું આશ્વાસન આપતાં અને હોર્મુઝ સ્ટ્રેટ્સ ખાતે ફસાયેલા ક્રુડ ઓઈલ, એલપીજી ભરેલા જહાજો મુક્ત કરાવવા પ્રયાસો ચાલુ હોવાના આપેલા નિવેદન વચ્ચે આજે ઓટોમોબાઈલ શેરોમાં સતત ત્રીજા દિવસે ફંડો લેવાલ રહ્યા હતા. ભારત ફોર્જ રૂ.૫૮.૮૫ વધીને રૂ.૧૮૦૪.૧૦, ટીઆઈ ઈન્ડિયા રૂ.૭૭.૦૫ વધીને રૂ.૨૫૫૨.૬૫, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૮૪ વધીને રૂ.૩૨૧૪.૫૦, ટીવીએસ મોટર રૂ.૮૨.૮૦ વધીને રૂ.૩૫૮૦, એક્સાઈડ રૂ.૬.૩૦ વધીને રૂ.૩૦૮.૪૦, ઉનો મિન્ડા રૂ.૨૧.૬૦ વધીને રૂ.૧૦૭૫, બજાજ ઓટો રૂ.૧૬૦.૮૫ વધીને રૂ.૯૨૬૭.૧૫, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ રૂ.૫.૩૦ વદીને રૂ.૩૨૪.૫૫ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૯૮૪.૧૯ પોઈન્ટ ઉછળીને ૫૬૬૩૯.૩૨ બંધ રહ્યો હતો.

### રિયાલ્ટી શેરોમાં મંદીને બ્રેક લાગી ફંડો લેવાલ : બ્રિગેડ રૂ.૩૬, અનંતરાજ રૂ.૨૨, પ્રેસ્ટિજ રૂ.૫૪ વધ્યા

રિયાલ્ટી ક્ષેત્રે શેરોમાં મંદીને બ્રેક લાગી ફંડોની આજે શોર્ટ કવરિંગ સાથે વેલ્યુબાઈંગરૂપી લેવાલી રહી હતી. મિડલ ઈસ્ટમાં અશાંતીના પરિણામે આગામી દિવસોમાં ઘણા હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરોની ભારતના મહાનગરો સહિતમાં પ્રોપર્ટી ક્ષેત્રે ખરીદી વધવાની અપેક્ષાએ પણ ફંડો પ્રોપર્ટી શેરોમાં લેવાલ બન્યાની ચર્ચા હતીગોદરેજ પ્રોપર્ટીઝ રૂ.૫૭.૯૫ વધીને રૂ.૧૬૪૨.૭૦, ડીએલએફ રૂ.૧૪.૪૫ વધીને રૂ.૫૬૨.૫૦, ફિનિક્સ રૂ.૨૪.૨૫ વધીને રૂ.૧૬૧૮.૯૦ રહ્યા હતા. બીએસઈ રિયાલ્ટી ઈન્ડેક્સ ૧૪૭.૮૪ પોઈનટ વધીને ૫૬૮૩.૩૬ બંધ રહ્યો હતો.

### બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં સતત આકર્ષણ : એયુ બેંક રૂ.૨૮ વધી રૂ.૯૩૦ : આઈડીએફસી, ફેડરલ વધ્યા

બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં પણ વેચવાલી અટકી ઘટાડે સતત ફંડોની પસંદગીની ખરીદી વધતી જોવાઈ હતી. ઈન્ડસઈન્ડ બેંક રૂ.૨૦.૧૫ વધીને રૂ.૮૪૧.૬૫, એક્સિસ બેંક રૂ.૨૩.૮૦ વધીને રૂ.૧૨૫૨.૯૦ રહ્યા હતા. અન્ય શેરોમાં ઉગ્રો કેપિટલ રૂ.૧૨.૫૫ વધીને રૂ.૯૯.૨૫, સીએસબી બેંક રૂ.૩૬.૪૦ વધીને રૂ.૩૮૯.૮૫, ઉજ્જિવન સ્મોલ ફાઈનાન્સ બેંક રૂ.૪.૨૨ વધીને રૂ.૫૫.૫૯, પિલાની ઈન્વેસ્ટમેન્ટ રૂ.૩૫૫.૧૦ વધીને રૂ.૪૭૯૬ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૫૩૩.૩૯ પોઈન્ટ વધીને ૬૨૧૯૭.૨૦ બંધ રહ્યો હતો.

### હેલ્થકેર શેરોમાં વેચવાલી અટકી ફંડોનું વેલ્યુબાઈંગ : બજાજ હેલ્થકેર, બ્લુજેટ, પેનેશિયા બાયો વધ્યા

હેલ્થકેર-ફાર્મા શેરોમાં પણ વેચવાલી અટકીને ફંડોએ ઘટાડે પસંદગીના શેરોમાં વેલ્યુબાઈંગ કર્યું હતું. બજાજ હેલ્થકેર રૂ.૩૦.૯૫ વધીને રૂ.૩૦૯.૧૦, બ્લુજેટ રૂ.૩૧.૬૫ વધીને રૂ.૩૮૩.૮૦, પેનેશિયા બાયો રૂ.૨૩.૯૦ વધીને રૂ.૩૪૧.૩૫, સિગાચી રૂ.૧.૩૨ વધીને રૂ.૧૯.૯૧, સન ફાર્મા એડવાન્સ રૂ.૫.૪૦ વધીને રૂ.૧૨૦.૨૦ રહ્યા હતા. બીએસઈ હેલ્થકેર ઈન્ડેક્સ ૨૧૪.૧૬ પોઈન્ટ વધીને ૪૨૭૦૧.૭૬ બંધ રહ્યો હતો.

### FPIs/FIIની કેશમાં રૂ.૨૭૧૪ કરોડની ચોખ્ખી વેચવાલી : DIIની રૂ.૩૨૫૩ કરોડની ચોખ્ખી ખરીદી

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે-બુધવારે કેશ સેગ્મેન્ટમાં રૂ.૨૭૧૪.૩૫ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી કરી હતી. જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો-ડીઆઈઆઈની આજે રૂ.૩૨૫૩.૦૩ કરોડના શેરોની ચોખ્ખી ખરીદી રહી હતી.

### શેરોમાં રોકાણકારોની સંપતિ-માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૫.૭૦ લાખ કરોડ વધીને રૂ.૪૩૯ લાખ કરોડ

સેન્સેક્સ, નિફટીમાં સતત ત્રીજા દિવસે ઉછાળાની સાથે સ્મોલ, મિડ કેપ, એ ગ્રુપના શેરોમાં આજે વ્યાપક તેજીએ બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન એટલે કે રોકાણકારોની એક્ત્રિત સંપતિ આજે એક દિવસમાં રૂ.૫.૭૦ લાખ કરોડ વધીને રૂ.૪૩૯ લાખ કરોડ રહી હતી.

## નિફટી ૧૯૭ પોઈન્ટ વધીને ૨૩૭૭૮ :FIIની રૂ.૨૭૧૪ કરોડની વેચવાલી


**THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.**

**PUBLIC ANNOUNCEMENT**

(Please scan this QR Code to view the DRHP)

FINE REFINERS

**FINE REFINERS LIMITED**

*(Formerly Known as Fine Refiners Private Limited)*

Corporate Identification Number: U19200GJ2005PLC046084

Our Company was originally incorporated on May 16, 2005, as a Private Limited Company as "Fine Refiners Private Limited" vide Registration No. 046084 under the provisions of the Companies Act, 1956 with the Registrar of Companies, Gujarat, Dadra & Nagar Haveli. Subsequently, pursuant to a special resolution passed by the Shareholders at their Extraordinary General Meeting held on July 29, 2025, our Company was converted from a Private Limited Company to Public Limited Company and consequently, the name of our Company was changed to "Fine Refiners Limited" and a Fresh Certificate of Incorporation consequent to Conversion was issued on August 12, 2025, by the Central Processing Centre. The Corporate Identification Number of our Company is U19200GJ2005PLC046084. For further details, please refer to section titled "Our History and Certain Other Corporate Matters" beginning on page No. 204 of the Draft Red Herring Prospectus.

**Registered Office**: Office No. 105, First Floor, Aangi, Arcade, Opp. Jawahar Ground, Atabhai Road, Bhavnagar, Gujarat, India, 364001
**Email Id:** info@finerefiners.com **Tel No:** +91 9825209572; **Website:** www.finerefiners.com
**Contact Person**: Virani Javedabbas S Company Secretary & Compliance Officer; **Corporate Identity Number:** U19200GJ2005PLC046084

**"THE ISSUE IS BEING MADE IN ACCORDANCE WITH CHAPTER IX OF THE SEBI ICDR REGULATIONS (IPO OF SMALL AND MEDIUM ENTERPRISES) AND THE EQUITY SHARES ARE PROPOSED TO BE LISTED ON SME PLATFORM OF BSE (BSE SME)."**

**THE ISSUE**

**INITIAL PUBLIC OFFER OF UPTO 71,84,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH OF FINE REFINERS LIMITED ("FRL" OR THE "COMPANY" OR THE "OFFER OR ") AT AN OFFER PRICE OF ₹ [•] PER EQUITY SHARE (INCLUDING A SHARE PREMIUM OF ₹ [•] PER EQUITY SHARE) FOR CASH, AGGREGATING UPTO ₹ [•] LAKHS ("PUBLIC OFFER") COMPRISING OF A FRESH ISSUE UPTO 57,49,000 EQUITY SHARES AGGREGATING TO ₹ [•]/- LAKHS (THE "FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF UPTO 14,35,000 EQUITY SHARES BY NARJIS A VASAYA ("THE PROMOTER SELLING SHAREHOLDER"), AGGREGATING UPTO 14,35,000 EQUITY SHARES BY THE PROMOTER SELLING SHAREHOLDER ("OFFER FOR SALE") AGGREGATING UPTO ₹ [•]/- LAKHS, OUT OF WHICH [•] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH AT AN OFFER PRICE OF ₹ [•]/- PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ [•]/- PER EQUITY SHARE AGGREGATING TO ₹ [•] LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY MARKET MAKER TO THE OFFER (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE OFFER LESS THE MARKET MAKER RESERVATION PORTION i.e. NET OFFER OF [•] EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10/- EACH AT AN OFFER PRICE OF ₹ [•]/- PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ [•]/- PER EQUITY SHARE AGGREGATING TO ₹ [•] LAKHS IS HEREIN AFTER REFERRED TO AS THE "NET OFFER". THE OFFER AND THE NET OFFER WILL CONSTITUTE [•] % AND [•] %, RESPECTIVELY, OF THE POST OFFER PAID UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

**THE PRICE BAND AND THE MINIMUM BID LOT WILL BE DECIDED BY OUR COMPANY AND THE SELLING SHAREHOLDER IN CONSULTATION WITH THE BRLM ADVERTISED IN [•] EDITION OF [•] (A WIDELY CIRCULATED ENGLISH NATIONAL DAILY NEWSPAPER) AND [•] EDITION OF [•] CIRCULATED HINDI NATIONAL DAILY NEWSPAPER, AND GUJARATI EDITION OF [•], A GUJARAT REGIONAL NEWSPAPER (GUJARATI BEING THE REGIONAL LANGUAGE OF GUJARAT WHERE OUR REGISTERED OFFICE IS LOCATED). AT LEAST TWO WORKING DAYS PRIOR TO THE OFFER OPENING DATE AND SHALL BE MADE AVAILABLE TO THE BSE LIMITED ("BSE") FOR THE PURPOSE OF UPLOADING ON THEIR WEBSITE. FOR FURTHER DETAILS KINDLY REFER TO CHAPTER TITLED "TERMS OF THE OFFER" BEGINNING ON PAGE 288 OF THE DRAFT RED HERRING PROSPECTUS.**

In case of any revision in the Price Band, the Bid/Issue Period shall be extended for at least three additional Working Days after such revision of the Price Band, subject to the total Bid/Issue Period not exceeding ten Working Days. In cases of force majeure, banking strike or similar unforeseen circumstances, our Company, for reasons to be recorded in writing, extends the Bid/Issue Period for a minimum of one working day, subject to the Bid/Issue Period not exceeding ten working days. Any revision in the Price Band, and the revised Bid/Issue Period, if applicable, shall be widely disseminated by notification to the Stock Exchanges by issuing a press release and also by indicating the change on the website of the BRLM and at the terminals of the Members of the Syndicate and by intimation to Designated Intermediaries and Sponsor Bank.

This offer is being made through the Book Building Process, in terms of Rule 19(2)(b) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended (the "SCRR") read with Regulation 229 of the SEBI ICDR Regulations and in compliance with Regulation 253 (1) and 253 (2) of the SEBI ICDR Regulations read with SEBI ICDR (Amendment) Regulations, 2025, wherein not more than 50.00% of the Net Offer shall be available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers ("QIBs") (the "QIB Portion"), provided that our Company and the selling shareholders in consultation with the BRLMs may allocate up to 60.00% of the QIB Portion to Anchor Investors on a discretionary basis ("Anchor Investor Portion"). One-third of the Anchor Investor Portion shall be reserved for domestic Mutual Funds, subject to valid Bids being received from the domestic Mutual Funds at or above the Anchor Investor Allocation Price in accordance with the SEBI ICDR Regulations. In the event of undersubscription or non-allocation in the Anchor Investor Portion, the balance Equity Shares shall be added to the QIB Portion (other than the Anchor Investor Portion) ("Net QIB Portion"). Further, 5.00% of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to Mutual Funds only, and the remainder of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to all QIB Bidders, other than Anchor Investors, including Mutual Funds, subject to valid Bids being received at or above the Offer Price. However, if the aggregate demand from Mutual Funds is less than 5.00% of the Net QIB Portion, the balance Equity Shares available for allocation in the Mutual Fund Portion will be added to the remaining Net QIB Portion for proportionate allocation to QIBs. Further, the SEBI ICDR Regulations read with SEBI ICDR (Amendment) Regulations, 2025, states that not less than 35% of the Net Offer shall be available for allocation to Individual Investors who applies for minimum application size. Not less than 15% of the Net Offer shall be available for allocation to Non-Institutional Investors of which one-third of the Non-Institutional Portion will be available for allocation to Bidders with an application size of more than two lots and up to such lots as equivalent to not more than ₹ 10.00 Lakhs and two-thirds of the Non-Institutional Portion will be available for allocation to Bidders with an application size of more than ₹ 10.00 Lakhs and under-subscription in either of these two sub-categories of Non-Institutional Portion may be allocated to Bidders in the other sub-category of Non-Institutional Portion. Subject to the availability of shares in non-institutional investors' category, the allotment to each Non-Institutional Investors shall not be less than the minimum application size in Non-Institutional Category and the remaining available Equity Shares, if any, shall be allocated on a proportionate basis in accordance with the conditions specified in this regard in Schedule XIII of the SEBI (ICDR) (Amendment) Regulations, 2025. All Potential Bidders, other than Anchor Investors, are required to participate in the Offer by mandatorily utilising the Application Supported by Blocked Amount ("ASBA") process by providing details of their respective ASBA Account (as defined hereinafter) in which the corresponding Bid Amounts will be blocked by the Self-Certified Syndicate Banks ("SCSBs") or under the UPI Mechanism, as the case may be, to the extent of respective Bid Amounts. Anchor Investors are not permitted to participate in the Offer through the ASBA process. For details, please refer to the chapter titled "Offer Procedure" on page No. 300 of the Draft Red Herring Prospectus.

This public announcement is being made in compliance with the Regulation 247 of SEBI (ICDR) Regulations, 2018 and SEBI (ICDR) (Amendment) Regulations, 2025 vide notification dated March 03rd, 2025, and applicability of corporate governance provisions under SEBI (LODR) Regulations, 2015 on SME companies to inform the public that our Company is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt requisite approvals, market conditions and other considerations, to undertake initial public offering of its Equity Shares pursuant to the offer and DRHP dated March 16, 2025 which has been filed with the SME Platform of BSE.

Pursuant to SEBI (ICDR) (Amendment) Regulations, 2025 on March 03rd, 2025 and applicability of corporate governance provisions under SEBI (LODR) Regulations, 2015 on SME companies, for fulfilling all additional eligibility criteria, the DRHP filed with the SME Platform of BSE (SME BSE), shall be made available to the public for comments, if any, for a period of at least 21 days, from the date of such filing by hosting it on the website of the BSE at https://www.bsesme.com/PublicIssues/SMEIPODRHP.aspx and the website of the Company at www.finerefiners.com and at the website of BRLM i.e. Fintellectual Corporate Advisors Private Limited at www.fintellectualadvisors.com. Our Company hereby invites the members of the public to give their comments on the DRHP filed with the SME Platform of BSE (BSE SME) with respect to disclosures made in DRHP. The members of the public is requested to send a copy of their comments to Stock Exchange, to Company Secretary and Compliance Officer of our Company and/or the BRLM at their respective addresses mentioned below. All comments must be received by BSE, and/or our Company and/or Company Secretary and Compliance Officer of our Company and/or the BRLM in relation to the offer on or before 5 p.m. on the 21st day from the aforesaid date of filing the DRHP with SME BSE.

Investments in Equity and Equity related securities involve a degree of risk and investors should not invest any funds in this issue unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Issue. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Issue including the risks involved. The Equity Shares issued in the Issue have not been recommended or approved by the Securities and Exchange Board of India ("SEBI"), nor does SEBI guarantee the accuracy or adequacy of the Draft Red Herring Prospectus. Specific attention of the investors is invited to the section "Risk Factors" beginning on page 38 of the Draft Red Herring Prospectus.

Any decision to invest in the equity shares described in the Draft Red Herring Prospectus may only be taken after a Red Herring Prospectus has been filed with the ROC and must be made solely on the basis of such Red Herring Prospectus as there may be material changes in the Red Herring Prospectus from the Draft Red Herring Prospectus. The equity shares, when offered through the Red Herring Prospectus, are proposed to be listed on SME Platform of BSE (BSE SME).

For details of the share capital and capital structure of our Company and the names of the signatories to the Memorandum of Association and the number of shares subscribed by them of our Company, see "Capital Structure" beginning on page 89 of the Draft Red Herring Prospectus. The liability of the members of our Company is limited. For details of the main objects of our Company as contained in our Memorandum of Association, see "Our History and Certain Other Corporate Matters " beginning on page 204 of the Draft Red Herring Prospectus.

| BOOK RUNNING LEAD MANAGER | REGISTRAR TO THE ISSUE | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER |
|---|---|---|
| FINTELLECTUAL CORPORATE ADVISORS | MUFG | **Mr. Virani Javedabbas S**<br>**Address:** Office No. 105, First Floor, Aangi, Arcade, Opp. Jawahar Ground, Atabhai Road, Bhavnagar, Gujarat, India, 364001<br>**Tel.:** 0278-2221193, +91 9825209572<br>**E-mail:** cs@finerefiners.com<br>**Website:** https://www.finerefiners.com/ |
| **FINTELLECTUAL CORPORATE ADVISORS PRIVATE LIMITED**<br>**SEBI Registration No.:** INM000012944<br>**Address:** B-20, Second Floor, Sector- 1, Noida, Gautam Buddha Nagar, Uttar Pradesh- 201301<br>**Telephone No:** +91-120-4266080<br>**Website:** www.fintellectualadvisors.com<br>**Email ID:** ipo@fintellectualadvisors.com<br>**Contact Person:** Mr. Amit Puri/ Mr. Pramod Negi | **MUFG INTIME INDIA PRIVATE LIMITED**<br>***(Formerly Known as Link Intime India Private Limited)***<br>**SEBI Registration No.:** INR000004058<br>**Address:** C-101, 1st Floor Embassy 247, L.B.S. Marg, Vikhroli (West) Mumbai 400 083 Maharashtra, India<br>**Telephone No:** +91 810 811 4949<br>**Email:** finerefiners.smeipo@in.mpms.mufg.com<br>**Website:** https://in.mpms.mufg.com/<br>**Contact Person:** Shanti Gopalkrishnan | *Investors can contact our Company Secretary and Compliance Officer, the Lead Managers or the Registrar to the Issue, in case of any pre-issue or post-issue related problems, such as non-receipt of letters of allotment, non-credit of allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders and non-receipt of funds by electronic mode etc.* |

**All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the DRHP.**

**For Fine Refiners Limited**
On Behalf of the Board of Directors
**Sd/-**
**Mr. Virani Javedabbas S**
**Company Secretary and Compliance Officer**

**Place:** Bhavnagar
**Date :** March 18, 2026

**Disclaimer:** Fine Refiners Limited is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Equity Shares and has filed the Draft Red Herring Prospectus on March 17, 2026. The Draft Red Herring Prospectus is available on the website of SME BSE at https://www.bsesme.com/PublicIssues/SMEIPODRHP.aspx and is available on the websites of the BRLM at www.fintellectualadvisors.com and also on the website of the Company www.finerefiners.com. Any potential investors should note that Investments in Equity and Equity related securities involve a degree of risk and investors should not invest any funds in this issue unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Issue. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Issue including the risks involved. The Equity Shares issued in the Issue have not been recommended or approved by the Securities and Exchange Board of India ("SEBI"), nor does SEBI guarantee the accuracy or adequacy of the Draft Red Herring Prospectus. Specific attention of the investors is invited to the section "Risk Factors" beginning on page 38 of the Draft Red Herring Prospectus.

**The Equity Shares have not been and will not be registered under the U.S Securities Act of 1933, as amended (U.S. Securities Act) or any state securities laws in the United States and may not be offered or sold within the United States or to, or for the account or benefit of, U.S Persons (as defined in Regulation ), except pursuant to exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities laws. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in offshore transaction in reliance on Regulation S under the U.S Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sale occur. The Equity Shares have not been and will not be registered, listed or otherwise qualified in any other jurisdiction outside India and may not be offered or sold, and application may not be made by persons in any such jurisdiction, except in compliance with the applicable laws of such jurisdiction.**